# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation


રેફ નં.

તા:૧૫/૦૫/૨૦૧૬

સુરત

તંત્રી શ્રી, ______________________

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## ગુજરાતમાં હાડકાં ના દાનનો ચોથો બનાવ

## મહારાષ્ટ્રીયન કોળી સમાજના બ્રેનડેડ જીતેન્દ્ર ઝુમ્બર કોળી (બાવીસ્કર) ના પરિવારે કિડની, લીવર અને ચક્ષુઓની સાથે હાડકાંઓનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: જીતેન્દ્ર ઝુમ્બર કોળી (બાવીસ્કર) ઉ. વ. ૩૦ બ્લડ ગ્રુપ AB+

વ્યવસાય: કલરકામ

રહેવાસી: ૬૨, દત્તાત્રય નગર, નીલગીરી, ડીંડોલી, સુરત.

મૂળ રહેવાસી : ગામ: માનલડે, તા. ચોપડા, જી. જલગાંવ

કૌટુંબિક વિગત : પત્ની: સરલા જીતેન્દ્ર કોળી (બાવીસ્કર) ઉ. વ. ૨૭

પુત્રી: ૧. વૈષ્ણવી જીતેન્દ્ર કોળી (બાવીસ્કર) ઉ. વ. ૫

ઉધનામાં આવેલ કેશવ ઇન્ટરનેશનલ વિદ્યાલયમાં સીનીયર કે.જી માં અભ્યાસ કરે છે.

૨. દિશા જીતેન્દ્ર કોળી (બાવીસ્કર) ઉ. વ. ૩

પુત્ર: ૪૦ દિવસનો (નામકરણ કરવાનું બાકી છે)

બનાવની વિગત:

શુક્રવાર તા. ૧૩મે, ૨૦૧૬ના રોજ જીતેન્દ્ર અઠવાલાઇન્સમાં આવેલ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની હોસ્ટેલમાં કલરકામ કરતો હતો ત્યારે ત્રીજા માળ ઉપર થી નીચે પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી તેને તાત્કાલિક નજીકમાં આવેલ મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલમાં ડો. એડી બામ ની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો. વધુ સારવાર માટે ન્યુરોસર્જન ડો. અજય શર્માએ CT સ્કેન કરાવતા, મગજમાં હેમરેજ હોવાનું તથા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

શનિવાર તા. ૧૪મે, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડો. અજય શર્મા અને ન્યુરોફીઝીશ્યન ડો. હરેશ પારેખે જીતેન્દ્રને બ્રેનડેડ જાહેર કર્યો.

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલના I.C.U રજીસ્ટ્રાર ડૉ. કમલાકરે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જીતેન્દ્રના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી I.C.U રજીસ્ટ્રાર ડૉ. કમલાકરની સાથે રહી જીતેન્દ્રના ભાઈ શ્રી જ્ઞાનેશ્વર અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

જીતેન્દ્રના પત્ની સરલા, પિતાજી ઝુમ્બર, ભાઈ શ્રી જ્ઞાનેશ્વર અને પરિવારના અન્ય સભ્યો જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ થઈ ચુક્યું છે અને તેઓનું શરીર બળીને રાખ થઈ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

તદઉપરાંત નીલેશ માંડલેવાલાએ તેઓને હાડકાંના દાન માટે સમજાવતા જણાવ્યું હતું કે, જો તેઓ હાડકાંઓનું પણ દાન કરશે તો આ હાડકાંઓ કેન્સરના દર્દીઓ અને હાડકાંના બીજા અન્ય દર્દીઓને મદદરૂપ થશે. ત્યારે પરિવારજનોએ જણાવ્યું કે આવા દર્દીઓને ક્વોલીટી લાઈફ મળે તે માટે શરીરના જે કોઈ પણ અંગોનું દાન થઇ શકતું હોય તે માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની અને હાડકાંના દાન ની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદનીInstitute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જ્યારે હાડકાંઓનું દાન લેવા માટે આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનાડૉ. રાજીવ રાજ ચૌધરીને જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરુફ શૈકી, ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જાંઘના હાડકાંઓનું દાન આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમે સ્વીકાર્યું. જ્યારે બે ચક્ષુઓ નું દાન અર્પણ આઈ બેંકના ડૉ. ગતી પંડીતે સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની ભાવનગરના રહેવાસી મંજુબેન કણઝરા ઉ.વ. ૫૭ માં અને બીજી કિડની સુરતની રહેવાસી પૂર્વી બોરાની ઉ.વ. ૧૫માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર મુરાદાબાદ, ઉત્તર પ્રદેશના રહેવાસી પંકજકુમાર ચૌહાણ ઉ. વ. ૩૬માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ.જમાલ રીઝવી,ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જીતેન્દ્રના પત્ની સરલા, પિતાજી ઝુમ્બર, ભાઈ જ્ઞાનેશ્વર અને સમગ્ર કોળી (ભાલીશકર) પરિવારના સભ્યો, ન્યુરોસર્જન ડૉ. અજય શર્મા, ન્યુરોફીઝીશ્યન ડૉ. હરેશ પારેખ, I.C.U રજીસ્ટ્રાર ડૉ. કમલાકર, ઇન્ટેન્ટસીવીસ્ટ ડૉ. રોનક નાયિક, ડૉ. અફતાબ મોતીવાલા, મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, નીરવ માંડલેવાલા, નિપીન પટેલ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૫૪ કિડની, ૫૩ લીવર, ૩ પેન્ક્રીઆસ,૪ હૃદય અને ૧૩૦ ચક્ષુઓનો દાન મેળવીને ૩૪૪ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

છેલ્લા નવ દિવસમાં ચોથી વખત હાડકાંઓનું દાન આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમ દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં જાંઘના હાડકાઓનું દાન લેવામાં આવ્યું હતું.

૩...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98741 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




આ હાડકાંઓ લીધા બાદ તેને સાફ કરીને -૪૦ડીગ્રી ઉપર સ્ટોર કરી તેને મુંબઈમાં આવેલ ટાટા મેમોરીયલ હોસ્પીટલમાં પ્રોસેસ કરવા માટે મોકલવામાં આવે છે. ત્યાં ગામારેયઝથી તેને પ્રોસેસ કરી સ્ટરાયલ કરવામાં આવે છે. પ્રોસેસ કરેલા હાડકાંઓને ફરી આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં મંગાવવામાં આવશે.દાન માં મેળવવામાં આવેલા હાડકાંઓનો મલ્ટીપર્પઝ ઉપયોગ થાય છે મોટા ફ્રેક્ચરના કેસમાં આ હાડકા ખુબ ઉપયોગી સાબિત નીવડે છે. આ હાડકાંઓની જરૂરિયાત કેન્સરના દર્દીઓ અને હાડકાંના અન્ય બીજા દર્દીઓ માટે, ભારતમાં કોઈપણ હોસ્પિટલને જરૂર હોય ત્યાં મોકલવામાં આવે છે. આ હાડકાંઓને વધુમાં વધુ ૪ વર્ષ સુધી વાપરી શકાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં શરીર ખરાબ થતું નથી.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98741 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**